# પ્રાકૃતિક કૃષિ અપનાવવી એ આજના સમયની માંગ-રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી :આત્મનિર્ભર હણોલ મહોત્સવમાં યોજાયો 'કૃષિ પરિસંવાદ'

**હણોલ અને આસપાસના ગામોને પ્રાકૃતિક ખેતીમાં આગેવાની લેવા કેન્દ્રિય મંત્રી ડૉ. માંડવીયાનું આહ્વાન; રાજયપાલના હસ્તે પ્રગતિશીલ ખેડૂતો અને ઉત્કૃષ્ટ ખેલાડીઓનું સન્માન કરાયું**

ભાવનગર,તા.૧૫

પાલીતાણા તાલુકાના હણોલ ગામે આયોજિત આત્મનિર્ભર હણોલ મહોત્સવ અંતર્ગત રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીના દુષ્પરિણામોથી બચવા માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવી એ આજના સમયની અનિવાર્ય જરૂરિયાત છે. તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઓછું મળે છે એવી માન્યતા સંપૂર્ણપણે ખોટી છે.







રાજયપાલએ પોતાના અનુભવ વર્ણવતા જણાવ્યું હતું કે, હરિયાણાના ગુરુકુળ કુરુક્ષેત્રમાં ૨૦૦ એકર જમીનમાં છેલ્લા નવ વર્ષથી યુરીયા, ડીએપી કે જંતુનાશક દવાઓનો ઉપયોગ કર્યા વિના પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે, અને અન્યો કરતા વધુ ઉત્પાદન મળી રહ્યું છે.તેમણે જણાવ્યું હતું કે, ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચે જમીન-આસમાનનુ અંતર છે. ઓર્ગેનિક ખેતીમાં ઉત્પાદન અને ખર્ચમાં ખાસ ફેરફાર થતો નથી, જયારે પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન વધે છે અને ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. પ્રાકૃતિક ખેતી દેશી ગાય આધારિત છે અને તેમાં બહારથી કોઈપણ સામગ્રી લાવવાની જરૂર પડતી નથી. જો રસાયણિક ખાતરોનો ઉપયોગ સમયસર ઘટાડવામાં નહીં આવે તો આવનારા સમયમાં જમીન બિનઉપજાઉ બની જશે. હરિત ક્રાંતિના પ્રણેતા ડૉ. એમ. એસ. સ્વામીનાથન પણ રાસાયણિક ખેતી પર અતિનિર્ભર ન રહેવા અંગે ચેતવણી આપી ચૂક્યા છે. તેમણે એક હેક્ટર જમીનમાં માત્ર ૧૩ કિલો નાઈટ્રોજન નાખવાની ભલામણ કરી હતી, જયારે આજે યુરીયા અને ડીએપીના અતિશય વપરાશના કારણે જમીન અને પાણી પ્રદૂષિત થઈ રહ્યા છે તેમજ કેન્સર જેવા રોગોનું પ્રમાણ પણ વધી રહ્યું છે.

પ્રારંભમાં કેન્દ્રિય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાએ સૌનું સ્વાગત કરતાં હણોલ તથા આસપાસના તમામ ગામોને પ્રાકૃતિક ખેતીમાં આગેવાની લેવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે રાજયપાલના હસ્તે પ્રગતિશીલ ખેડૂતો અને ઉત્કૃષ્ટ ખેતાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ- બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતની 'પંચ પરમેશ્વર'ની પ્રાચીન પરંપરા હણોલ ગામે જીવંત થઈ છે : કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ











**કેન્દ્રીય રાજ્ય મંત્રી બાંભણિયાએ આત્મનિર્ભર ગામનું હણોલ ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું, રાજ્યના કૃષિ મંત્રી વાઘાણીએ હણોલમાં વિશેષ કૃષિ પ્રકલ્પ અમલમાં મૂકવાની જાહેરાત**

ભાવનગર,તા.૧૫

આત્મનિર્ભર હણોલ ગામથી કેન્દ્રીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ પ્રભાવિત થયા હતા અને ગામની એકતા તથા સમર્પણભાવને બિરદાવ્યા હતા. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાના નેતૃત્વમાં હણોલ ગામ ખાતે યોજાયેલ વિશાળ ગ્રામસભામાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ગ્રામસભામાં કેન્દ્રીય રાજય મંત્રી નિમુબેન બાંભણિયા, રાજયના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ રાજયસભા સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા. આ તકે કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, "ગામડાના સર્વાંગી વિકાસથી જ રાષ્ટ્રનો વિકાસ શક્ય છે અને તેનું ઉત્તમ ઉદાહરણ ગોહિલવાડના હણોલ ગામમાં જોવા મળે છે." તેમણે ગામની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ નિહાળી અને તેમાં સહભાગી બની ગ્રામજનોના ઉત્સાહને વધાવ્યો હતો.આ પ્રસંગે કેન્દ્રીય રાજય મંત્રી નિમુબેન બાંભણિયાએ આત્મનિર્ભર ગામનું હણોલ ઉત્તમ ઉદાહરણ હોવાનું જણાવ્યું અને ગ્રામ્ય પરંપરાની આકર્ષક રજૂઆતને બિરદાવ્યું હતું.રાજયના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ હણોલમાં આદર્શ ગામની સંકલ્પના સાકાર થયાનું જણાવી રાજય સરકાર દ્વારા અહીં વિશેષ કૃષિ પ્રકલ્પ અમલમાં મૂકવાની જાહેરાત કરી હતી.

# રાજ્યપાલની રાત્રી સભામાં ઉપસ્થિતિ, મંત્રી માંડવીયા સાથે અનુસૂચિત જાતિના અગ્રણીના ઘરે જમ્યા










ભાવનગર,તા.૧૫

આત્મનિર્ભર હણોલ મહોત્સવ અંતર્ગત રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે રાજયપાલશ્રીએ ગ્રામજનોને સંબોધતાં વૃક્ષારોપણ, સામાજિક સમરસતા, સ્વચ્છતા-સફાઈ અભિયાન અને નશામુક્ત સમાજના નિર્માણ માટે એકજૂટ થવાનો સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું.સભાના અંતે રાજયપાલએ હણોલ ગામને આત્મનિર્ભરતા, સ્વચ્છતા અને સકારાત્મક સામાજિક પરિવર્તનનું ઉત્તમ ઉદાહરણ ગણાવી, આ મોડલને અન્ય વિસ્તારોમાં પણ પ્રચાર-પ્રસાર કરવા માટે પ્રેરણા લેવા જણાવ્યું હતું.

**સાંસ્કૃતિક કાર્યક્રમને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રસપૂર્વક નિહાળ્યો**

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ હણોલ ગામે કેન્દ્રિય મંત્રી મનસુખભાઈ માંડવીયા સાથે

રાત્રી સભા બાદ અનુસૂચિત જાતિના અગ્રણી બાબુભાઇ સોલંકીના ઘેર જઈ તેમના પરિવારજનો સાથે બાજરાનો રોટલો, દૂધ અને મિક્સ સબ્જીનું દેશી ભોજન ગ્રહણ કર્યું હતું. તેમજ પરિવારજનો સાથે વડીલ સહજ સંવાદ કરી પરિવારના બાળકોને વધુને વધુ ભણીને માતા પિતાનું નામ રોશન કરવાની પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી સહિત જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જયારે આત્મનિર્ભર હણોલ મહોત્સવ અંતર્ગત યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમને રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાએ રસપૂર્વક નિહાળ્યો હતો.આ મહોત્સવમાં ગામના કલાકારો, યુવક-યુવતીઓ તથા બાળકલાકારો દ્વારા લોકનૃત્ય, લોકસંગીત અને સાંસ્કૃતિક પરંપરાને ઉજાગર કરતી વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. ગ્રામ્ય સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરા અને લોકજીવનની ઝાંખી રજૂ કરતાં આ કાર્યક્રમને રાજયપાલએ બિરદાવ્યો હતો.

# દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા યુવાનો સાથે રાજ્યપાલનો હૃદયસ્પર્શી સંવાદ: સમરસતાના આ વિચારને સમગ્ર દેશમાં ફેલાવવા યુવાનોને અનુરોધ

**ગાંધી વિચાર, સમરસતા અને સહઅસ્તિત્વની જીવંત પ્રયોગશાળા સમાન હણોલ ગામ**



ભાવનગર,તા.૧૫

ગાંધી વિચારના પ્રચાર–પ્રસાર માટે દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા યુવાનો સાથે ભાવનગર જિલ્લાના હણોલ ગામે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ હૃદયસ્પર્શી સંવાદ સાધ્યો હતો. આ યુવાનો હણોલ ગામમાં ૧૧ દિવસ સુધી રોકાઈ ગ્રામજીવન, સામાજિક સમરસતા, સહઅસ્તિત્વ અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને નજીકથી અનુભવી રહ્યા હતા.

રાજયપાલએ જણાવ્યું હતું કે, હણોલ ગામ સાચા અર્થમાં સમરસતા અને એકતાનું ઉત્તમ ઉદાહરણ છે. આ ગામમાં ૧૮ જેટલી જુદી-જુદી જ્ઞાતિના લોકો વસે છે, છતાં અહીં કોઈ ભેદભાવ વિના સૌ એક પરિવારની જેમ જીવન જીવતા જોવા મળે છે. વિવિધ વિચારધારાઓ હોવા છતાં પરસ્પર સદભાવ, માનવતા અને પ્રેમથી અહીંનો સમાજ ગુંથાયેલો છે, જે આજના સમયમાં સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે. રાજયપાલએ વધુમાં જણાવ્યું કે, જો આપણે એકબીજા પ્રત્યે સદભાવ રાખી, ભેદભાવ દૂર કરી, એકતાના સૂત્રને આત્મસાત કરીએ તો પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં ૨૦૪૭ સુધીના 'વિકસિત ભારત'ના સપનાને સાકાર કરી શકીશું. હણોલ ગામમાં જોવા મળતી સમરસતાની આ વિચારધારાને સમગ્ર દેશમાં ફેલાવવાની જવાબદારી યુવાનોના ખભે છે, તેમ તેમણે અનુરોધ કર્યો હતો. સંવાદ દરમિયાન યુવાનોએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા,

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું કે, દેશને બદલવાની જવાબદારી આપણા સૌની છે. દેશને આઝાદ કરાવવા માટે અનેક યુવાનોએ બલિદાન આપ્યા હતા. આજે બલિદાન આપવાની જરૂર નથી, પરંતુ દેશના વિકાસ માટે ઈમાનદારીપૂર્વક કામ કરવાની જરૂર છે. સમાજમાં એકતા, સમરસતા અને સેવા ભાવના સાથે કામ કરનાર યુવાનો જ નવા ભારતનું નિર્માણ કરી શકે છે, તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)